ફોજદારી કેસ નં.૯૨૯/૨૦૨૧

દાખલ તારીખ :૦૩/૦૯/ ૨૦૨૧
નોંધ્યા તારીખ :૦૩/૦૯/ ૨૦૨૧
ફેસલ તારીખ : ૧૩/૦૫/૨૦૨૩
સમયગાળો :વર્ષ–માસ–દિવસ
૦૧–૦૮ – ૧૦

**મે.રાધનપુરના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં. રાધનપુર.**

ફોજદારી કેસ નં.૯૨૯/૨૦૨૧
આંક : ૨૨.

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂઘ્ધ**

આરોપી : (૪) મેવાભાઈ શંકરભાઈ ઠાકોર, ઉ.વ.૩૮,
(૬) અમરતભાઈ સવસીભાઈ ઠાકોર, ઉ.વ.૪૨,
બન્ને રહે.નાયતવાડા, તા.રાધનપુર, જી.પાટણ

ગુનો : જુગારધારાની કલમ–૧૨ મુજબ.

**:: ક બુ લા ત ઠ રા વ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે મળી ચાર્જશીટમાં બતાવેલ તારીખ, સમય અને સ્થળે તીનપત્તીનો હારજીતનો જુગાર રમી–રમાડતા જુગારના સાહિત્ય ગંજીપાના, મોબાઈલ તથા રોકડ રકમના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ, આરોપીઓએ જુગારધારાની કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપીઓ સામે ચાર્જશીટ રજુ થતા અને આરોપીઓ તેમની સામેનો ગુનો કબૂલ કરવા માંગતા હોય અને તે અંગેની ગુનો કબૂલ કરતી લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરતા તેઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ, આરોપીઓને તેમની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીઓએ સ્વૈચ્છાએ કોઈ પણ જાતના દબાણ વગર ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે, જેથી આરોપીઓની સદર ગુના અંગેની પ્લી નોંધતા તેમાં પણ આરોપીઓએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે.

(૩) આમ, આ કામના આરોપીઓ તેમની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતા હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીઓનું નિવેદન નોંધવામાં આવતા તેમાં પણ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને આરોપીઓએ તેની ગુના

કબૂલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ માણસ છે, કુટુંબનો આધાર તેમના એકલા ઉપર છે, તેઓ મજુરી કરી તેઓના કુટુંબનું ગુજરાન ચલાવે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે, તેઓને ગુનો કબુલ મંજુર હોવાનું જણાવે છે તેમજ મૌખિક રજુઆતમાં તેઓની ઉપર દયા કરવા વિનંતી કરેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા તેમજ કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખી સદરહું ગુનામાં આરોપીઓને તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

**(૧)** આ કામના આરોપી નં.(૪) મેવાભાઈ શંકરભાઈ ઠાકોર, ઉ.વ.૩૮, (૬) અમરતભાઈ સવસીભાઈ ઠાકોર, ઉ.વ.૪ર, બન્ને રહે.નાયતવાડા, તા.રાધનપુર, જી.પાટણ વાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૫ર અન્વયે તેઓની સામેના જુગારધારાની કલમ–૧ર મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) મળી કુલ રૂા.ર૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર)** આ કામે આરોપી નં.૧, ર, ૫ તથા ૭ વિરૂધ્ધનો કેસ ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.**૧૩ મી**, માહે **મે,** સને **૨૦૨૩** ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૩
રાધનપુર

(મનિષ ભરતભાઈ નિમાવત)
કોડ નં.જીજે ૦૯૭૧
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
રાધનપુર

જી.એચ.ઓઝા,ગુજ.સ્ટેનો.